આજનો સુવિચાર

લોકોને સમય આપતા શીખો, સંબંધ આપો આપ મજબૂત બનશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૦૫ જૂનાગઢ તા.૧૬-૦૪-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 105, Junagadh : Date : 16 April, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# સરકાર અને ક્ષત્રીય આગેવાનો વચ્ચે ગત મધ્યરાત્રીનાં યોજાયેલી બેઠક નિષ્ફળ

## ક્ષત્રીય સમાજની એકજ માંગણી રૂપાલાની ટીકીટ રદ કરો : હવે ક્ષત્રીય આંદોલન પાર્ટ-૨ની ચિમકી આપી

અમદાવાદ, તા.૧૬: રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ કરેલા નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં સર્જાયેલો રોષ ઠંડો પાડવા અને કોઈ સુખદ સમાધાન કરવા સરકાર અને ક્ષત્રિય આગેવાનો વચ્ચે ગઈકાલે યોજાયેલી 'લેઈટ નાઈટ મંત્રણા'નું કોઈ પરિણામ આવ્યુ નથી. ક્ષત્રિયો પોતાની માંગણી પરત્વે મકકમ રહ્યા છે અને એકસુરમાં જણાવ્યુ હતું કે, પરશોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ કરવામાં આવે.

આમ, બેઠકમાં કોઈ સમાધાન નહી થતાં આગામી બે દિવસમા પાછા બેઠક માટે મળવાની વાત બંને પક્ષે થઈ છે.જેમાં ગુજરાત સરકારે ક્ષત્રિય આગેવાનોને ભોજન સાથે બેઠકનું આમંત્રણ આપ્યું છે.

ક્ષત્રિય સમાજ પરસોત્તમ રૂપાલાને રાજકોટ બેઠક પરથી હટાવવા મક્કમ છે. રાજપૂતોને મનાવવા ગુજરાત સરકારે મોડી રાત્રે બે વાગ્યા સુધી ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે ગાંધીનગરમાં બેઠક કરી હતી. પરંતુ ક્ષત્રિયોએ સમાધાન ન કર્યું. અઢી કલાક સુધી સરકાર અને ક્ષત્રિય સંકલન સમિતિની બેઠકમાં ચર્ચા થઈ હતી. પણ પરિણામ આવ્યુ નથી.

રાજપૂત સંકલન સમિતિના સભ્યોએ જણાવ્યુ કે, 'અમારી કોર કમિટીની મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી. આર પાટીલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી સાથે મિટીંગ કરવામાં આવી છે. તેમણે અમને કહ્યુ કે, રૂપાલાજીએ ત્રણવાર માફી માંગી છે. તમે અત્યાર સુધી ઘણો જ સંયમ રાખ્યો છે. તમે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા તેમ છતાં તમારું આંદોલન સંયમિત રહ્યુ છે. તેમણે એમ પણ કહ્યુ કે, સરકારે પણ તમને સહયોગ આપ્યો છે. અમે સરકારના સહયોગ બદલ તેમનો આભાર પણ માન્યો છે. આ સામે અમે જણાવ્યુ હતુ કે, સંપૂર્ણ ક્ષત્રિય સમાજ અને તેની સાથે જોડાયેલા અન્ય સમાજની એક જ માંગણી છે કે, પરશોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ કરવામાં આવે. જો અલ્ટીમેટમ સુધીમાં માગ પુરી નહીં થાય તો આંદોલન પાર્ટ-૨ કરવામાં આવશે.

આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યુ કે, 'તો આ માંગણીના જવાબમાં ગુજરાત સરકારે જવાબ આપ્યો કે, તમે આ અંગે ફરીથી વિચારી લો. તમારી જે લાગણી છે તે અમે હાઈકમાન્ડ સુધી પહોંચાડીશું. આ સાથે જણાવ્યુ કે, એટલે હવે આ સરકારનો વિષય છે. પરશોત્તમ રૂપાલા મુદ્દે કોઈપણ સમાધાન કરવામાં આવ્યું નથી કે કરવામાં આવશે નહીં.'

## રોડ-શો, શકિતપ્રદર્શન સાથે પરસોત્તમ રૂપાલાએ ઉમેદવારી ફોર્મ ભર્યુ



રાજકોટ તા. ૧૬

ગુજરાતમાં સૌથી ચર્ચાસ્પદ બની ગયેલી રાજકોટ લોકસભા બેઠક પર આજે ક્ષત્રિય સમાજના જબરા વિરોધ વચ્ચે પણ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ રોડ-શો-શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારી નોંધાવી હતી. અગાઉ એક કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ અંગે અત્યંત અપમાનજનક વિધાનો કર્યા બાદ માફા-માફીનાં લાંબા દૌરમાં પણ ગઈરાત્રી સુધી સમાધાનના પ્રયાસો નિષ્ફળ નિવડયા હતા.

ભાજપે પણ ક્ષત્રિય સમાજની રૂપાલાની ટિકીટ રદ કરોની ક્ષત્રિય સમાજની માંગણી ફગાવીને તેમને ઉમેદવાર તરીકે યથાવત રાખતા આજે તેઓએ રાજકોટ લોકસભા બેઠક પર ઉમેદવારી નોંધાવતા હવે આ વિવાદ ચરમસીમાએ પહોંચી ગયો છે. આજે રૂપાલાએ જાગનાથ મંદિરે દર્શન કર્યા બાદ રોડ-શોનો પ્રારંભ કર્યો હતો. જેમાં પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી- ભાજપ પ્રદેશ શહેર પ્રમુખ મુકેશ દોશી પણ જોડાયા હતા.

કેસરી સાડીમાં સજજ બહેનો તથા સાફામાં સજજ ભાજપના કાર્યકર્તાઓ અને ટેકેદારોની મોટી સંખ્યામાં સાથે રૂપાલાએ રોડ-શો કર્યો હતો અને બહુમાળી પાસે જાહેરસભાને સંબોધીત કરીને રાજકોટમાં તેમના પ્રચંડ વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

બપોરે વિજય મુર્હુતમાં રૂપાલાએ તેમના પાંચ ટેકેદારો સાથે ઉમેદવારી નોંધાવતા હવે આ એક તબકકો પુરો થયો છે અને હવે ક્ષત્રિય સમાજ કેવું વલણ અપનાવશે તેના પર સૌની નજર છે.

છેલ્લા કેટલાક દિવસથી પરસોતમ રૂપાલાના રાજકોટ સહિતના કાર્યક્રમોનું ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન પણ થયા હતા જયારે મોદી પરિવારના કાર્યક્રમનું ક્ષત્રિય સમાજ જે રીતે રૂપાલાની ટિકીટ સામે વિરોધ કર્યો તે અંગે પણ ભાજપનું મોવડીમંડળ ચિંતીત હતું અને ગાંધીનગરથી સમાધાનના પ્રયાસો થયા હતા.

પરંતુ ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકીટ રદ ન થાય તો કોઈ સમાધાનનો ઈન્કાર કરતા અંતે ભાજપે પડયા તેવા દેવાશે તે નિતી અપનાવીને પરસોતમ રૂપાલાને ફોર્મ ભરવા માટે લીલીઝંડી આપી દીધી હતી અને આજે શક્તિપ્રદર્શન કર્યુ હતું. જેમાં રાજકોટ શહેરમાંથી ભાજપના કાર્યકર્તાઓને મહતમ સંખ્યામાં આવવા સૂચના અપાઈ હતી.

## સોશ્યલ મિડીયા પ્રચારમાં ભાજપ સૌથી ટોચ પર

નવી દિલ્હી, તા.૧૬: આ વખતે લોકસભાની ચૂંટણીમાં ઢોલ-નગારાંના અવાજ કરતાં પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ચૂંટણી પ્રચારની ગતિવિધિ જોવા મળી રહી છે.

આધુનિકીકરણના યુગમાં સત્તાના શાસક બનવા માટે, રાજકીય પક્ષો અને ઉમેદવારો હવે ભૌતિક ચૂંટણી પ્રચારને બદલે ડિજિટલ પ્રચાર પર ભાર મૂકે છે. આ જ કારણ છે કે આ લોકસભા ચૂંટણીમાં ઢોલના અવાજ કરતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વધુ ચૂંટણી પ્રચારની ગતિવિધિ જોવા મળી રહી છે. ડિજિટલ ચૂંટણી પ્રચારના સંબંધમાં, મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયને ૨૯ માર્ચથી અત્યાર સુધીમાં ૨૭૯ અરજીઓ મળી છે. ભાજપે આમાં સૌથી વધુ અરજીઓ આપી છે. કોંગ્રેસ બીજા સ્થાને અને આમ આદમી પાર્ટી ત્રીજા સ્થાને છે.

## આસામમાં એક જ પરીવારમાં ૩૫૦ મતદારો

ગુવાહાટી,તા. ૧૬:

આસામમાં એક પરિવારમાં એક, બે નહીં પણ ૩૫૦ મતદાતાઓ છે. આ પરિવાર તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર દેશનો સૌથી મોટા પરિવારમાંનો એક છે. આપણે આ પરિવાર વિશે માહિતી મેળવીએ.

આસામના સોનિતપુર જિલ્લામાં સ્વર્ગસ્થ રોન બહાદુર થાપાનો પરિવાર રહે છે. થાપાનો પરિવાર ૧૯ એપ્રિલે યોજાનારા લોકસભાના પ્રથમ તબક્કામાં મતદાન કરશે. રોન બહાદુર થાપાને ૧૨ પુત્ર અને ૯ પુત્રી છે. પ્રાપ્ત માહિતી અનુસાર તેમની પાંચ પત્ની હતી. તેમના દીકરા, દીકરી, પૌત્ર, પૌત્રી, દોહિત્ર, દોહિત્રી, પૌત્ર, પૌત્રી વગેરેની ગણતરી કરીએ તો તેમના પરિવારના કુલ સભ્યો ૧૨૦૦ જેટલા થાય છે. આ વખતની લોકસભાની ચૂંટણીમાં તેમના ૧૨૦૦ સભ્યોના પરિવારમાંથી ૩૫૦ લોકો મતદાન કરવાના છે.

## મોદી સહિત ૨૨ પૂર્વ મુખ્યમંત્રીઓ ચૂંટણી લડી રહયા છે

નવી દિલ્હી, તા.૧૬: સાત તબક્કાની લોકસભા ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ૧૮મી લોકસભા માટે દેશના સેંકડો નેતાઓ પોતાનું રાજકીય નસીબ અજમાવી રહ્યા છે. જેમાં વડાપ્રધાન મોદી સહિત ૨૨ પૂર્વ મુખ્યમંત્રીઓ પણ મેદાનમાં છે.

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન ત્રણ દિવસ બાદ ૧૯ એપ્રેલે થવાનું છે ત્યારે દરેક રાજકીય પક્ષો પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. આ વખતે લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત શિવરાજ સિંહ ચૌહાણ, દિગ્વિજય સિંહ, ઓમર અબ્દુલ્લા, ગુલામ નબી આઝાદ, એચડી કુમારસ્વામી, ચરણજીત સિંહ ચન્ની, જીતન રામ માંઝી, ભૂપેશ બઘેલ, મનોહર લાલ ખટ્ટર અને બિપ્લબ કુમાર સહિત ૨૨ પૂર્વ મુખ્યમંત્રીઓ ચૂંટણીના મેદાનમાં છે જેમાંથી ભાજપના ૧૧ જ્યારે કોંગ્રેસના પાંચ પૂર્વ મુખ્યમંત્રી સામેલ છે.

## સલમાનનાં ઘરની બહાર ફાયરીંગ કરનારા બે આરોપીઓ ભૂજથી ઝડપાયા : મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને સફળતા

મુંબઈતા. ૧૬

અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરનારા બે આરોપી ઝડપાઈ ગયા છે. ગત મોડીરાત્રે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભુજમાંથી બંને આરોપીઓની ધરપકડ કરી હતી. તેમની ઓળખ વિકી ગુપ્તા અને સાગર જોગેન્દ્ર પાલ તરીકે થઈ છે, બંને બિહારના રહેવાસી છે. તેઓને આજે મુંબઈ લાવવામાં આવશે.

૧૪ એપ્રિલે સવારે ૫ વાગ્યે બાંદ્રામાં સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની સામે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. બાઈક પર આવેલા બે હુમલાખોરોએ ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ સમયે સલમાન તેના ઘરે હતો. ઘટના બાદ સલમાનના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

CCTV ફૂટેજમાં જોવા મળે છે કે બંને આરોપીઓએ સ્પોર્ટ્સ કેપ પહેરેલી હતી અને તેમના ખભા પર બેગ લટકતી હતી. આ ફૂટેજમાં બંને સલમાનના ઘર પર ફાયરિંગ કરતા દેખાય છે. ખાનને લોરેન્સ-ગોલ્ડી બ્રાર ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી.

ફાયરિંગની ઘટના બાદ લોરેન્સના ભાઈ અનમોલે એક ઓનલાઈન પોસ્ટમાં આ ઘટનાની જવાબદારી લીધી હતી. તેણે આ ઘટનાને ટ્રેલર ગણાવી સલમાનને ચેતવણી આપી હતી. જો કે પોલીસ આ પોસ્ટની પુષ્ટિ કરી નથી. લોરેન્સ હાલમાં અનેક હાઈ-પ્રોફાઈલ લોકોની હત્યાના આરોપમાં તિહાર જેલમાં છે.

## બેંકોમાં સિનિયર સીટીઝનોની થાપણોનું પ્રમાણ બમણું થઈ ગયું

નવી દિલ્હી તા. ૧૬

દેશમાં એક તરફ ઘરેલું બચત ઘટી રહી છે તેની સામે રોકાણના વિકલ્પો મોંઘા અને જોખમી બની ગયા છે તેથી જે લોકો પોતાના નાણાને સલામત તથા નિયમીત આવક આપનારા વિકલ્પ શોધે છે તેના માટે બેંકોની થાપણો હજુ શ્રેષ્ઠ વિકલ્પ બની ગયો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એક રિપોર્ટ મુજબ બેંકોની થાપણોમાં સિનીયર સીટીઝનની એફડીનું પ્રમાણ બમણું થઈને ૩૦% જેટલું થઈ ગયું છે.

બેંકો તથા પોષ્ટઓફિસ રોકાણમાં સીનીયર સીટીઝનને ૫૦ બેઝીક પોઈન્ટ (અડધો ટકો) વધુ વ્યાજ આપવામાં આવે છે અને જે સીનીયર સીટીઝન કરદાતાની વ્યાખ્યામાં આવતા હોય તેઓને આ વ્યાજમાં ચોકકસ મર્યાદા સુધીની રકમ કરમુકત રહે છે.

આ વ્યવસ્થા એ સીનીયર સીટીઝનને નાણાકીય રીતે સલામત રાખવાનો છે. આ સ્થિતિ વચ્ચે બેંકોનું ધિરાણ ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં ૨૦.૨% વધ્યુ છે તો થાપણો ૧૩.૫% વધી છે. એક તરફ રિઝર્વ બેંકે ફુગાવા સામેની ચિંતા છે. વ્યાજદર સતત ઉંચા રાખ્યા છે અને ધિરાણ માંગ પણ વધી રહી છે તેથી બેંકો પોતાની નાણાકીય પ્રવાહિતા જાળવી રાખવા માટે થાપણદારોને આકર્ષવા ફિકસ ડિપોઝીટ પર વધુ વ્યાજ ઓફર કરે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ચીફ ઈકોનોમીસ્ટ સૌમ્યા કાંતિ ઘોષના જણાવ્યા મુજબ બેંકો પાસેની થાપણમાં ૭.૪ કરોડ સીનીયર સીટીઝનોની છે અને તે રકમ રૂા.૩૪ લાખ કરોડની થાય છે. ૨૦૧૯માં સીનીયર સીટીઝન થાપણદારોનું પ્રમાણ ૪.૧ કરોડ હતું. અને થાપણો રૂા.૧૪ લાખ કરોડ હતી જે ૧૫૦ ટકાનો વધારો દર્શાવે છે. સરકારે કરકપાત માટે આ પ્રકારની થાપણો પરના વ્યાજની મર્યાદા રૂા.૫૦૦૦૦ કરી છે.

## અમદાવાદ - દિલ્હી વચ્ચે હાઈસ્પીડ ટ્રેન દોડાવાશે માત્ર સાડા ત્રણ કલાકમાં પહોંચી શકાશે



નવી દિલ્હી, તા.૧૬: દિલ્હીથી અમદાવાદની મુસાફરી માત્ર ૩.૫ કલાકમાં પૂર્ણ કરી શકાશે. તેના માટે દિલ્હી-અમદાવાદ વચ્ચે હાઈસ્પીડ રેલ કોરિડોર માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે હાઈ સ્પીડ રેલ કોરિડોરની મહત્તમ સ્પીડ ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાક હશે. જ્યારે સરેરાશ ઝડપ ૨૫૦ કિલોમીટર પ્રતિ કલાક રહેશે. કોરિડોરની લંબાઈ ૮૮૬ કિમી હશે.

જણાવવામાં આવી રહ્યું છે કે કોરિડોર બન્યા બાદ દિલ્હીથી અમદાવાદની મુસાફરી માત્ર ૩.૫ કલાકમાં પૂરી થઈ જશે. આ કોરિડોરની લંબાઈ ૮૮૬ કિલોમીટર છે. જેમાં દિલ્હીથી અમદાવાદ સુધી ૧૪ સ્ટેશન બનાવવામાં આવશે. હરિયાણામાં આ કોરિડોરની લંબાઈ લગભગ ૭૮.૨૨ કિલોમીટર છે.

ટ્રેન સાબરમતી સ્ટેશનથી શરૂ થશે, જ્યાં મલ્ટી મોડલ હબ બનાવવામાં આવ્યું છે. એલિવેટેડ કોરિડોર પર સરેરાશ ૨૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે, ટ્રેન શહેરો વચ્ચેનો પ્રવાસ સમય હાલના ૧૨ કલાકથી ઘટાડીને માત્ર ૩.૫ કલાક કરશે. તે દિલ્હીમાં પ્રવેશતા પહેલા ગુજરાત, રાજસ્થાન અને હરિયાણાના પસંદગીના સ્ટેશનોને આવરી લેશે.

## ૧૦ પૈસાનો શેર રૂા.૨૪૦નો થઈ ગયો : તોફાની તેજી

મુંબઈ, તા.૧૬: કેપ્રી ગ્લોબલ કેપિટલ શેરોએ લાંબા ગાળાના રોકાણકારોને પૈસાનું રોકાણ કરીને ધૈર્યથી સમૃદ્ધ બનાવ્યા છે. કેપ્રી ગ્લોબલ કેપિટલનો શેર છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૦ પૈસાથી વધીને હવે રૂ. ૨૪૦ને પાર કરી ગયો છે. આ સમયગાળા દરમિયાન કંપનીના શેરમાં ૨૪૦૦૦૦ ટકાથી વધુનો વધારો થયો છે. કેપ્રી ગ્લોબલ કેપિટલનો શેર સોમવાર, ૧૫ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ ૧૨ થી વધુના વધારા સાથે રૂ. ૨૪૪.૯૫ પર બંધ થયો હતો.

૩૧ ઓક્ટોબર ૨૦૦૬ના રોજ કેપ્રી ગ્લોબલ કેપિટલના શેરમાં ૨૪૪૦૦૦ ટકા થી વધુનો ઉછાળો આવ્યો હતો. ૧૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ કંપનીના શેર ૨૪૪.૯૫ રૂપિયા પર પહોંચી ગયા છે. આ સમયગાળા દરમિયાન કેપ્રી ગ્લોબલ કેપિટલના શેરમાં ૨૪૪૮૫૦ ટકાનો જોરદાર ઉછાળો આવ્યો છે.

## મધ્યપૂર્વમાં ભારે તંગદીલી : ઈરાનનાં પરમાણુ મથકો પર હુમલો કરવા ઈઝરાયેલની તૈયારી

નવી દિલ્હી, તા.૧૬: ઈરાન દ્વારા ઈઝરાયેલ પર હવાઈ હુમલા બાદ મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાને ઈઝરાયેલ પર ૩૦૦ મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા. દરમિયાન, એવા સમાચાર છે કે ઈઝરાયેલ જવાબી કાર્યવાહી કરવા માટે તૈયાર છે અને ઈરાનના પરમાણુ મથકોને નિશાન બનાવી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહૂએ વોર કેબિનેટની બેઠકમાં ઈરાન પર હુમલાની યોજના પર ચર્ચા કરી હતી.

ઈઝરાયેલની યુદ્ધ કેબિનેટે ઈરાન પરના જવાબી હુમલાને સમર્થન આપ્યું છે, પરંતુ આ હુમલો કયારે અને કેવી રીતે થશે તે અંગે અભિપ્રાય વિભાજિત છે. પરંતુ સૂત્રોને ટાંકીને કહેવામાં આવી રહ્યું છે કે ઈઝરાયેલ કોઈપણ સમયે ઈરાનના પરમાણુ મથકોને નિશાન બનાવી શકે છે. રિપોર્ટ અનુસાર ઈરાનના ઘણા પરમાણુ સ્થળો ઈઝરાયેલના નિશાના પર છે. આમાં, નતાન્ઝ, ઈસ્ફહાન, અરાક, ફોરહાધો અને બુશેહર જેવા પરમાણુ મથકો મુખ્ય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈઝરાયેલ ઈરાનના પરમાણુ કાર્યક્રમને પાટા પરથી ઉતારવાની કોશિશ કરી રહ્યું છે. આ કારણથી તે ઈરાનના પરમાણુ સ્થળોને નિશાન બનાવી શકે છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જાચાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

માણસો જોઈએ છે

જુનાગઢ માં આવેલી ફેક્ટરી માટે અને એક આઈટીઆઈ કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે

૯૪૨૬૬૨૮૧૨૧

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



### ખરાબ હવામાનના કારણે વારવાર રોપવે બંધ થવાના સંજોગોમાં

# ગિરનાર ઉપર જતા યાત્રાળુઓને મુશ્કેલી ન પડે તે માટે સુવિધા ઉભી કરવા માંગ

## અનીવાર્ય સંજોગોમાં ભાવિકો-યાત્રાળુઓને માટે રહેવા, ભોજનની વ્યવસ્થા કરવી જરૂરી









(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર પર્વત ઉપર જગતજનનીમાં અંબાજી માતાજીના બેસણા છે ત્યારે અંબાજી માતાજીના દર્શને જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર, ગુજરાત અને દેશભરમાંથી યાત્રાળુઓ આવતા હોય છે. રોપવેની સુવિધા મળ્યા બાદ યાત્રાળુઓની સંખ્યામાં ખુબ જ વધારો થયો છે પરંતુ અવાર-નવાર ખરાબ હવામાનના કારણે રોપવેની સેવા થોડા સમય પુરતી બંધ થતી હોય છે ત્યારે યાત્રાળુઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. બે દિવસ પહેલા ખરાબ હવામાન અને ભારે પવનને કારણે બપોર બાદ રોપવેની સેવા બંધ થઈ જતા અનેક પ્રવાસીઓ ગિરનાર પર્વત ઉપર ફસાયા હતા. ૨૦૦ જેટલા પ્રવાસીઓ પોતાની રીતે નીચે ઉતરી ગયા હતા પરંતુ ૫૦થી વધુ પ્રવાસીઓ નીચે ઉતરી શકયા ન હતા અને તેમને માટે રહેવા સહિતની વ્યવસ્થાનો પ્રશ્ન ઉઠવા પામ્યો હતો. જોકે, અંબાજી મંદિરના પૂજારી તથા મંદિર સ્ટાફ અને આજુબાજુની દુકાનમાંથી સ્ટાફ સેવા કરવા માટે આવ્યો હતો અને આ યાત્રિકોને પ્રસાદ સહિતની વ્યવસ્થા મંદિરમાં જ કરવામાં આવી હતી અને ત્યારબાદ પોલીસ વાયરલેસ સેન્ટરમાં પણ યાત્રિકોને રાત્રી રોકાણની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. ગિરનાર પર્વત ઉપર આવી ઘટના વારંવાર ન બને તેમજ યાત્રાળુઓને કોઈપણ જાતની અગવડતા ન પડે તે માટેની વ્યવસ્થા ઉભી કરવાની માંગણી પણ ઉઠવા પામી છે.

ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના દર્શને દેશભરમાંથી યાત્રાળુઓ આવતા હોય છે. સાડા પાંચ હજાર પગથીયા ચડી અને પગપાળા પણ શ્રધ્ધાળુઓ માતાજીના દર્શને અને ટેક પુરી કરવા આવતા હોય છે. રોપવેની યોજના શરૂ થતા અબાલ, વૃધ્ધ અને જે લોકો પગથીયા ચડીને યાત્રા કરી શકતા ન હોય તે લોકોને આ રોપવેની સેવા આર્શીવાદરૂપ બની છે અને દેશભરમાંથી હજારો ભાવિકો અંબાજી માતાજીના દર્શને આવતા હોય છે. દરમ્યાન રોપવેની સેવા ભારે પવન, પ્રતિકુળ હવામાન કે વરસાદના સમયે અચાનક બંધ કરી દેવાની ફરજ પડતી હોય છે અને શાનુકુળ વાતાવરણ થાય ત્યારે રોપવે સેવા પાછી શરૂ થતી હોય છે. આવું અવાર-નવાર બનતું હોય છે. આ દરમ્યાન ગત રવિવારે બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવતા અચાનક રોપવેની સેવા બંધ કરી દેવામાં આવી હતી અને જેના કારણે ૨૫૦ જેટલા યાત્રાળુઓ ફસાયા હતા. જેમાંથી ૨૦૦ જેટલા યાત્રાળુઓ નીચે ઉતરી ગયા હતા પરંતુ ૫૦થી વધુ યાત્રાળુઓ નીચે જઈ શકયા ન હતા અને જેમના માટે અંબાજી મંદિરના મહંત પૂ. તનસુખગીરી બાપુના માર્ગદર્શન હેઠળ મંદિરના પૂજારી તેમજ સ્ટાફ અને આસપાસના દુકાનદારો મદદે આવ્યા હતા અને આ તમામ યાત્રાળુઓની ભોજનની વ્યવસ્થા તેમજ સુવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ ગિરનાર પર વાયરલેસ પોલીસ સ્ટેશનમાં પણ સુવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. રવિવારે બનેલી આ ઘટનામાં ફસાયેલા પ્રવાસીઓનું અને યાત્રાળુઓનું એવું કહેવું છે કે, હવામાન ખરાબ થવાની આગાહી હોય છે ત્યારે રોપવેના સંચાલકોને ખબર હય છે કે રોપવે સેવા બંધ કરવી પડશે તેવા સમયે અગાઉથી યાત્રિકોને જાણ કરવી જોઈએ પરંતુ યાત્રિકોને જાણ કરવામાં આવતી નથી અને જેને લઈને પણ ઘણીવાર યાત્રિકો આવી મુશ્કેલીમાં ફસાતા હોય છે. આ ઉપરાંત ગિરનાર એ વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ છે ત્યારે અંબાજી મંદિરે દર્શને જતા યાત્રાળુઓના માટે સરકાર દ્વારા યોગ્ય વ્યવસ્થા અને સુવિધા ઉભી કરવા બાબતે પણ અવાર-નવાર રજુઆતો કરવામાં આવી છે અને ફરીએકવાર ગિરનાર પર્વત ઉપર રાત્રી રોકાણ સહિતની વ્યવસ્થા કરવામાં આવે તેવી લાગણી અને માંગણી વ્યાપેલી છે.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

## કેશોદમાં એક મહિલાને ડીલીવરી આવ્યા બાદ ડોકટરની બેદરકારીને કારણે મૃત્યુ થયા હોવાનો પરિવારજનોનો આક્ષેપ






(કમલેશ જોષી દ્વારા) કેશોદ તા.૧૬

કેશોદમાં વધુ એક પ્રસૂતાનું ડીલીવરી દરમીયાન મોત થયા હોવાનું સામે આવ્યું છે.અગાઉ માણાવદર તાલુકામાં ત્રણ પ્રસુતા અને ત્યારબાદ જુનાગઢમાં ત્રણ પ્રસુતા મહિલાના ડીલીવરી બાદ મૃત્યુ થયાના બનાવો સામે આવ્યા છે.ત્યારે વધુ પ્રસુતા મહિલાનું ડીલીવરી બાદ મૃત્યુ થયું છે કેશોદ તાલુકાના રાણીંગપરા ગામમાં રહેતી શારદાબેન લખમણભાઈ સોલકીની ૨૫ વર્ષની પુત્રી સવિતાબેન ગોપાલભાઈ સરવૈયાનું ડીલીવરી દરમ્યાન મૃત્યુ થયા હોવાની ફરિયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં નોધાઈ છે.સવિતાબેનના અઢી વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. જેઓ ડીલીવરી માટે કેશોદમાં બસ સ્ટેન્ડ સામે આવેલ ડૉ. અઘેરા હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં તેમને પુત્રીનો જન્મ થયો હતો.અને પુત્રીના જન્મ બાદ લોહી નીકળતું હોય જે બાબતને લઈને પરિવારજનો દ્વારા ડોકટરને જાણ કરવામાં આવી હતી.પરંતુ લોહી નીકળવાનું બંધ ન થતા ડોકટરે તેમને વધું સારવાર માટે જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે જવા જણાવ્યુ હતુ જુનાગઢ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.મુતક મહિલાની માતાએ કેશોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી કેશોદ પોલીસ દ્વારા ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.આમ જુનાગઢ જીલ્લામાં પ્રસુતાના મોતનો વધુ એક બનાવ સામે આવતા ખળભળાટ મચી ગયો છે. અને પોલીસે ઊંડાણ પૂર્વક તપાસ શરુ કરવામાં આવી છે.

## જૂનાગઢ લોકસભાની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવા ગુરૂવારે નોંધાવશે ઉમેદવારી

### દોમડીયા વાડી ખાતેથી પરિવર્તન સંકલ્પ પદયાત્રા યોજી નિર્ધારીત સમયે રજુ કરશે નામાંકન




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ લોકસભાની આગામી ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જંગ જામવાનો છે અને ઉમેદવારી પત્રક ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે તેવા સંજોગોમાં જૂનાગઢ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવા આગામી તા.૧૮-૪-૨૦૨૪ને ગુરૂવારના રોજ વિજય મુહુર્તમાં પોતાનું ઉમેદવારી પત્રક નોંધાવશે. તેમ જાણવા મળે છે. આ તકે કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવાએ જણાવેલ છે કે, ભારતનાં કેન્દ્રીય ચૂંટણીપંચ લોકસભાની ચૂંટણી પ્રક્રિયા જાહેર કરી દેવામાં આવી છે. જે અનુસંધાને ઉમેદવારીપત્ર ભરવા તારીખ ૧૮-૦૪-૨૦૨૪ને ગુરૂવારના વિજય મુહૂર્તમાં લોકસભા મતવિસ્તાર ૧૩-જૂનાગઢનાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં ઉમેદવાર તરીકે મારે ઉમેદવારી કરવાની છે. આ નિમિત્તે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં તમામ કાર્યકરો, હિતચિંતકો, શુભેચ્છકો અને નગરજનોને (સ્થળ) દોમડીયા વાડી, ભૂતનાથ ફાટક પાસે, સવારે ૧૦ વાગે ઉપસ્થિત રહેવા સાદર નિમંત્રણ છે. જયાંથી રેલી સ્વરૂપે ૧૧ કલાકે ફોર્મ રજૂ કરવા સૌ ટેકેદારો સાથે નીકળશું. વિશેષમાં આ કોઈ શક્તિ પ્રદર્શન નથી પણ ભ્રષ્ટાચાર, રાજકીય કિન્નાખોરી અને લોકો સાથે કરવામાં આવતી પ્રપંચી છેતરપીંડી સામેની મારી લડાઈમાં મારો ઉત્સાહ વધારવાની એક અપીલ છે. ભારતની લોકશાહી ટકાવી રાખવાની આ ઉમદા તકને આપ સુપેરે પાર પાડશો તેવી અપેક્ષા રાખવામાં આવી છે તેમજ પરિવર્તન સંકલ્પ પદયાત્રામાં જોડાવવા હાંકલ કરી છે.

## જૂનાગઢ તાલુકાના ડેરવાણ ગામની સગીર વયની બે બહેનોને ભગાડી ગયા અંગે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ તાલુકાના ડેરવાણ ગામે રહેતા એક પરિવારની સગીરવયની દિકરીઓને ગત તા.૧૪-૪-૨૦૨૪ના રાતના એકાદ વાગ્યાથી સવારના છ વાગ્યા પહેલા કોઈપણ સમયે લલચાવી-ફોસલાવી અપહરણ કરી ભગાડી ગયા અંગેની ફરિયાદ તાલુકા પોલીસમાં નોંધાવવામાં આવી છે. આ સગીર વયની બાળાના વાલીએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે આ કામના આરોપી પરદેશીકુમાર ઉર્ફે રોકી સુરેશ પાસવાન રહે.બિહાર તેમજ પપ્પુકુમાર સાહો યાદવ રહે.બિહાર વાળા વિરૂધ્ધ કલમ ૩૬૩, ૩૬૬ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.ડી. દેસાઈ ચલાવી રહ્યા છે.

**પાદરીયા ગામે ગળાફાંસો ખાઈ યુવાનનો આપઘાત**

જૂનાગઢ તાલુકાના પાદરીયા ગામે રહેતા રોહીત અરવિંદભાઈ ટીમબલ(ઉ.વ.૧૮)એ પાદરીયા ગામે પોતાના બહેનના પડતર મકાનમાં પંખા સાથે દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**જૂનાગઢમાં ગળાફાંસો ખાઈ યુવતીનો આપઘાત**

જૂનાગઢમાં જીયાબેન સાદીકભાઈ અગવાન (ઉ.વ.૧૯) રહે.કાજીવાડાએ કોઈપણ અગમ્ય કારણોસર પોતાના ઘરે પોતાની મેળે દુપટા વડે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણતા પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ છે.

## માણાવદર તાલુકાના ભીંડોરા ગામે અગાઉના મનદુ:ખ પ્રશ્ને હુમલો : સાત સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) માણાવદર તા.૧૬

માણાવદર તાલુકાના ભીંડોરા ગામે અગાઉના મનદુ:ખ સબબ હુમલાનો બનાવ બનેલ છે અને સાત સામે પોલીસ ફરિયાદ નંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ભીંડોરા ગામે રહેતા અજાયબેન રૂખડભાઈ હરણ રબારી(ઉ.વ.૫૦)એ પુના ભીખન હરણ, વિજય પુના હરણ, સંજય પુના હરણ, ભગુ નારાયણ હરણ, રાજા નારાયણ હરણ, રામા ભીખન, દેવલા રામા રહે.બધા ભીંડોળા વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીના આ કામના ફરિયાદીના દિકરા રાજુભાઈના લગ્ન આજથી એકાદ વર્ષ પહેલા હોય તેમા આ કામના આરોપીઓ આવેલ ન હોય તે બાદ એકાદ માસ પહેલા આ કામના આરોપી નં.-૧ ના દિકરી-દિકરા ના લગ્ન હોય તેમાં ફરિયાદીના ઘરના ગયેલ ન હોય જેનું મનદુખ રાખી આરોપી નં.૧ નાએ સાહેદ મારખીભાઈને ગાળો કાઢી બાદમાં સાહેદ મારખીભાઈ તેમાના ઘરે જતા રહેતા આ કામના આરોપીઓ ફરિયાદીના ઘરે જઈ આરોપી નં.૧થી ૩ નાઓએ કુહાડી વતી ફરિયાદીને માથામા તથા ડાબા ખંભા પાસે મારમારી તેમજ સાહેદ રાજાભાઈને કપાળના ભાગે કુહાડી વતી મારમારી ઈજા કરી બાદમાં આરોપી નં.૪ નાએ લાકડી તથા નં.૫ નાએ પાઈપ વતી ફરીયાદી તથા સાહેદને મારામારી સાહેદ રાજાભાઈને ડાબા હાથમાં ફેકચર જેવી ઈજા કરી તેમજ આરોપી નં.૬,૭ નાઓ પાછળથી આવી લાકડીઓ ઉગામી તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો કાઢી ફરિયાદીને માથામાં તથા ખંભામાં ટાંકા આવેલ તેવી ઈજા કરી તેમજ સાહેદ રાજાભાઈને ડાબા હાથમાં ફેકચર જેવી ઈજા કરી જીલ્લા મેજી.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માણાવદર પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**જૂનાગઢમાં અગાઉના મનદુ:ખે લોખંડના પાઈપ વડે હુમલો**

જૂનાગઢના કડીયાવાડ વિસ્તારમાં અગાઉના મનદુ:ખે લોખંડના પાઈપ વડે હુમલો કરવાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ફરિયાદી પ્રિતમ ભીખાભાઈ દાફડા (ઉ.વ.૨૪)(રહે.કડીયાવાડ, રામદેવપીર મંદિર પાસે)એ આ કામના આરોપી મોન્ટુ રાઠોડ, અમીત બગડા રહે.કડીયાવાડ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તથા આરોપીઓએ અગાઉ બોલાચાલી થયેલ હોય જેનું મનદુ:ખ રાખી આરોપી નંબર-૧નાએ ફરિયાદી ઉપર લોખંડના પાઈપથી હુમલો કરી માથામાં મારી દિધેલ જેમાં આરોપી નંબર-૨એ લોખંડની પટીથી ફરિયાદીને માર મારી તેમજ બંને આરોપીઓએ ઢીકાપાટુનો માર માર જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જૂનાગઢમાં પોલીસ ફરિયાદ કેમ કરે છે તેમ કહી ધમકી આપી**

જૂનાગઢમાં તું પોલીસમાં અમારી ફરિયાદ શું કામે કરે છે તેમ કહી ધમકી આપી હોવાનો બનાવ પોલીસમાં નોંધાયેલો છે. આ બનાવ અંગે ભવનાથ પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના નાગર રોડ, હેઠાણ ફળીયા પાસે રહેતા નરેન્દ્રભાઈ જમનાદાસ રાજપરા (ઉ.વ.૬૭)એ પારસપુરી તેમજ રમેશ ભોય રહે.બંને છગનમામાની સોસાયટી વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીએ આ કામના આરોપી નં-૧નાઓને અગાઉ વાઘેશ્વરી મંદિરની આગળના ભાગેથી ભગાડી મુકેલ હોય જે બાબતમાં મનદુ:ખ રાખી આ કામના આરોપી નં-૧ તથા ૨નાઓએ ફરિયાદીને તું અવાર-નવાર પોલીસમાં અમારી ફરિયાદ શું કામ કરે છે તેમ કહી મંદિરે આવીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ભુંડી ગાળો કાઢી બંનેએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે અને ભવનાથ પોલીસ વધુ તપાસ ચલાવી રહેલ છે.

## આવતીકાલે રામનવમી ઉત્તમ અને શ્રી સહજાનંદ સ્વામી જયંતિ

ચૈત્ર શુદ નોમને બુધવાર તા.૧૭-૪ના દિવસે રામ નવમી અને સહજાનંદસ્વામી જયંતિ પણ છે. બુધવાર વિષ્ણુ ભગવાનનો વાર છે આથી બુધવારે આવતી રામનવમી ઉત્તમ ગણવામાં આવે છે બુધવારે રામનવમી ના સાથે ચૈત્ર નવરાત્રી પૂર્ણ થશે

શ્રી રામ નામ નુ મહત્વ : શ્રી રામ શબ્દમાં ત્રણ અક્ષર છે. ર અમ..ર' એટલે અગ્નિ નું બીજ જે અશુભ કર્મને બાળે છે. 'અ' એટલે સુર્યનું બીજ તે અહંકાર નાશ કરે છે અને જ્ઞાન ની પ્રાપ્તિ કરાવે છે મ એટલે ચંદ્ર નુ બીજ આધી વ્યાધી અને ઉપાધી હરી લે છે. રામ નામ ૐ કાર સમાન છે. બીજા બધા મંત્ર જાપ બોલવામાં નીતિ નિયમ છે. ફક્ત રામ નામના મંત્ર જ એવો છે કે જે કોઈપણ જગ્યા એ કોઈપણ સમયે બોલી શકાય છે. ઘરપૂજા મંદિર અને સ્મશાનમાં પણ બોલી શકાય છે. રામનવમી ના દિવસે ઉપવાસ અથવા એકટાણું-કરવું. રામ નામનું લેખન કરવું. શ્રીરામના ૭ સૌથી સરળ મંત્રોમાં છે. દરેક મુશ્કેલી દૂર કરે છે રામનવમી પર શ્રી રામના ૭ મંત્ર તમારી મુસિબતો દૂર કરશે. રામ નવમી ના દિવસે આ મંત્રના જપ પણ કરવા પણ ઉત્તમ છે.

(૧) 'રામ' આ મંત્ર કોઈપણ જગ્યાએ બોલી શકાય છે કોઈપણ સમયે બોલી શકાય છે મહામંત્ર છે જીવનની મુસીબત દૂર કરે છે અને શાંતિ આપે છે.

(૨) રાં રામાય નમઃ આ મંત્રના જપ કરવાથી આર્થિક સંકટ દૂર થાય છે.

(૩) રામચંદ્રાય નમઃ આ મંત્રના જપથી જીવનના કલેશ દૂર થાય છે.

(૪) ૐ રામભદ્રાય નમઃ કાર્યની સિધ્ધિ માટે પ્રભાવી મંત્ર છે.

(૫) ૐ નમો ભગવતે રામચંદ્રાય આ મંત્ર આપત્તિના નિવારણ છે.

(૬) શ્રી રામ જય રામ જપ-જય રામ આ મંત્ર શુભ મનોકામના માટે

(૭) શ્રીરામ ગાયત્રી મંત્ર- ૐ દશરથાય વિામહે સીતા વલ્લભાપ ધીમહિ તત્રો રામઃ પ્રયોધ્યાત'... સર્વ કાર્ય સિદ્ધ આપે છે.

કોઈપણ વ્યક્તિ બધા જ આ મંત્ર જપી શકે છે. રામનવમીના દિવસે રામચંદ્ર ભગવાનનું સ્થાપન કરી પૂજન કરી અને આ મંત્ર જપનું અનુષ્ઠાન કરવું ઉત્તમ ફળદાય છે. તે ઉપરાંત દરરોજ પણ આ મંત્ર જપનુ અનુષ્ઠાન કરી શકાય છે સાથે રામનવમીના દિવસે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવો પણ ઉત્તમ છે.

શ્રી રામ ભગવાનનું પૂજનઃ- રામ નવમીના દિવસે બપોરે ૧૨ વાગ્યે શ્રીરામચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે. એક બાજોઠ કે પાટલા ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના પર રામચંદ્ર ભગવાનની છબી પધરાવી. છબીની બાજુમાં દિવો કરવો. ભગવાનને ચંદનનું તિલક, ચોખા કરી પોતે પણ ચાંદલો કરવો. ભગવાનને ફૂલ અર્પણ કરવું, ચોખા, અબીલ, ગુલાલ કંકુ અર્પણ કરવા. નૈવેદમાં પંજરી ધરાવવી, ફળ ધરાવવા. આ બધી પુજા કરતા કરતા શ્રીરામ નામ ઘરના બધા જ સભ્યો એ લેતા રહેવું, ત્યારબાદ રામ ભગવાનની આરતી ઉતારી અને ક્ષમાયાચના માંગવી. આ દિવસે સાથે લક્ષ્મણજી અને સિતાજીનું પણ પુજન કરવું ઉત્તમ છે. રામ નવમીના દિવસે બપોરે અભિજીત મુર્હુત ૧૨.૨૧થી ૧.૧૨ સુધી છે. તેમાં પણ શ્રીરામ ચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે. શ્રી રામચંદ્ર ભગવાનને પંજરી પ્રસાદનું મહત્વ : ભગવાન શ્રીરામનો જન્મ હોય કે કૃષ્ણ જન્મ હોય. જન્મ ઉત્સવમાં પંજરી ધરાવવાનું મહત્વ વધારે છે. પંજરીમાં ઘાણાં સાકર અને નાળિયેર આવે છે.જે શુભ છે. એક માન્યતા પ્રમાણે ભગવાનને પંજરી બહુ પ્રિય હતી. આથી પણ પંજરી ધરાવવાનું મહત્વ છે. સાથે પંજરીમાં ઠંડકના ગુણ વધારે છે. સાથે પાચન માટે પણ ઉત્તમ છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ સારી છે

**અવસાન નોંધ**

જૂનાગઢ : ગુજરાત મિરર દૈનિકના પત્રકાર શૈલેષભાઈ વર્માના પિતાશ્રી શેષનાથભાઈ વર્મા(દાતાર સેવક)નું તારીખ ૧૫-૪-૨૦૨૪ સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેમની અંતિમયાત્રા આજરોજ રાત્રે ૧૧:૦૦ કલાકે તેમના નિવાસ્થાન ગણેશ નગર ખાતેથી નીકળશે.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **શ્રીકાંતકુમાર યોગેશકુમાર નીમાવત** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **શ્રીકાંત નીમાવત** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**શ્રીકાંત નીમાવત**
૫૦૩ શ્રીનાથજી ૬ અક્ષર રેસીડેન્સી-૨, મધુરમ,
જૂનાગઢ - ૩૬૨૦૦૧

# સિયાચીન ગ્લેશિયરમાં ભારતીય સેનાની હાજરીના ૪૦ વર્ષ પૂર્ણ થયા

## કારાકોરમ પર્વતમાળામાં આશરે ૨૦,૦૦૦ ફૂટની ઉંચાઈ ઉપર આવેલ સિયાચીન ગ્લેશિયર વિશ્વનું સૌથી ઊંચું લશ્કરી ક્ષેત્ર છે, અહિં સૈનિકોને અવારનવાર હિમ અને ભારે પવન સામે ઝઝૂમવું પડે છે

નવી દિલ્હી, તા.૧૬

તાજેતરમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, હેવી-લિફ્ટ હેલિકોપ્ટર અને લોજિસ્ટિક ડ્રોનનું ઈન્ડક્શન, ઓલ-ટેરેન વાહનોની જમાવટ અને ટ્રેકનું વ્યાપક નેટવર્ક બિછાવવું, એવા ઘણા પગલાં છે જેણે વિશ્વના સૌથી ઊંચા યુદ્ધક્ષેત્ર સિયાચીનમાં ભારતની લડાયક શક્તિમાં વધારો કર્યો છે. ભારતીય સૈન્ય વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સિયાચીન ગ્લેશિયર ઉપર તેની હાજરીના ૪૦મા વર્ષને અંકિત કરી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં આ ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓમાં વધારો થવાને કારણે દળની ઓપરેશનલ ક્ષમતાઓમાં વ્યાપક સુધારો થયો છે.

'ઓપરેશન મેઘદૂત' હેઠળ, ભારતીય સેનાએ, ૧૩ એપ્રિલ, ૧૯૮૪ના રોજ ગ્લેશિયર ઉપર તેનું સંપૂર્ણ નિયંત્રણ સ્થાપિત કર્યું હતું. એક અધિકારીએ કહ્યું કે, "સિયાચીન ગ્લેશિયર ઉપર ભારતીય સૈન્યનું નિયંત્રણ માત્ર તેની અપ્રતિમ બહાદુરી અને નિશ્ચયની જ વાતો નથી, પણ તકનીકી પ્રગતિ અને લોજિસ્ટિકલ સુધારણાઓની અવિશ્વસનીય સફર પણ છે, જેણે તેને સૌથી ભયંકર ભૂપ્રદેશમાંથી એક અદમ્ય ભાવના અને નવીનતાના પ્રતીકમાં પરિવર્તિત કર્યું છે." તેમણે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચ વર્ષોમાં કરવામાં આવેલી પહેલોએ સિયાચીનમાં તૈનાત કર્મચારીઓની જીવનશૈલી અને ઓપરેશનલ ક્ષમતાઓને સુધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં, આર્મીના કોર્પ્સ ઓફ એન્જીનિયર્સના કેપ્ટન શિવા ચૌહાણને સિયાચીન ગ્લેશિયરમાં ફ્રન્ટલાઈન પોસ્ટ ઉપર પોસ્ટ કરવામાં આવ્યા હતા. મુખ્ય યુદ્ધભૂમિ ઉપર મહિલા આર્મી ઓફિસરની આવી પ્રથમ ઓપરેશનલ તૈનાતી હતી. આ અધિકારીએ જણાવ્યું હતું કે, સિયાચીનમાં ગતિશીલતાના પાસામાં નોંધપાત્ર સુધારો થયો છે. ટ્રેકના વ્યાપક નેટવર્કના વિકાસ અને ઓલ-ટેરેન વાહનો (ATV)ની રજૂઆતથી સમગ્ર ગ્લેશિયરમાં ગતિશીલતામાં નોંધપાત્ર સુધારો થયો છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, DRDO દ્વારા વિકસિત એટીવી બ્રિજ જેવી નવીનતાઓએ આર્મીને કુદરતી અવરોધોને દૂર કરવામાં સક્ષમ બનાવ્યું છે, જ્યારે એરિયલ કેબલવેમાં ઉચ્ચ ગુણવત્તાની 'ડાયનેમા' દોરડાઓ સૌથી દૂરસ્થ ચોકીઓ સુધી પણ સીમલેસ સપ્લાય લાઈન સુનિશ્ચિત કરે છે. તેમણે કહ્યું કે, "હેવી-લિફ્ટ હેલિકોપ્ટર અને લોજિસ્ટિક ડ્રોનના ઈન્ડક્શનથી ખાસ કરીને શિયાળામાં વિખુટી પડી જતી પોસ્ટ ઉપર તૈનાત કર્મચારીઓને આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠામાં ઘણો સુધારો થયો છે. વિશેષ કપડાં, પર્વતારોહણના સાધનો અને અદ્યતન રાશનની ઉપલબ્ધતાએ સૈનિકોની વિશ્વના સૌથી ઠંડા યુદ્ધભૂમિની કઠોર પરિસ્થિતિઓનો સામનો કરવાની ક્ષમતામાં પણ વધારો કર્યો છે." તેમણે કહ્યું કે પોકેટ વેધર ટ્રેકર જેવા ગેજેટ્સ, દરેક સૈનિક સાથે સમયસર હવામાન અપડેટ્સ પ્રદાન કરે છે અને સંભવિત હિમપ્રપાત વિશે ચેતવણી આપે છે.



અધિકારીએ જણાવ્યું હતું કે, "કનેક્ટિવિટીના સુધારને લગતી તાજેતરની પહેલોએ એ સુનિશ્ચિત કર્યું છે કે, ઉત્તરીય અને મધ્ય ગ્લેશિયર પ્રદેશોમાં ફોરવર્ડ પોસ્ટ ઉપરના કર્મચારીઓને ટીનવાળા રાશનને બદલે તાજા રાશન અને શાકભાજી મળે છે, આ એક એવું પગલું છે જેની થોડા વર્ષો પહેલા કલ્પના પણ કરી શકાતી ન હતી. નવી લોજિસ્ટિક પહેલને કારણે તાજા રાશન અને શાકભાજી હવે અમારી ફોરવર્ડ પોસ્ટ માટે વાસ્તવિકતા છે." આ ક્ષેત્રમાં મોબાઈલ અને ડેટા કનેક્ટિવિટીમાં પણ સુધારા ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે. બીજા અધિકારીએ જણાવ્યું હતું કે, "VSAT ટેક્નોલોજીના પરિચયથી ગ્લેશિયર ઉપરના સંચારમાં ક્રાંતિ આવી છે, જે સૈનિકોને ડેટા અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી પ્રદાન કરે છે. ટેક્નોલોજીની આ છલાંગે વાસ્તવિક સમયની પરિસ્થિતિલક્ષી જાગૃતિ, ટેલિમેડિસિન ક્ષમતાઓ અને અમારા સૈનિકોને તેમના પરિવારો સાથે જોડાયેલા રાખીને તેમની સુખાકારીમાં વધારો કર્યો છે " VSAT અથવા ખૂબ જ નાનું છિદ્ર, એ ટર્મિનલ ડેટા ટ્રાન્સમિશન ટેક્નોલોજી છે. સેના સિયાચીનમાં મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા ઉપર પણ ધ્યાન આપી રહી છે.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ ટેલીમેડિસિન નોડ્સની સ્થાપના કરી છે, જે માત્ર સૈનિકોને જ નહીં પરંતુ નુબ્રા ખીણમાં સ્થાનિક લોકો અને પ્રવાસીઓને પણ મહત્વપૂર્ણ તબીબી સહાય પૂરી પાડે છે. ત્રીજા અધિકારીએ કહ્યું કે, "પરતાપુરમાં તબીબી સુવિધાઓ અને આધાર શિબિરમાં કેટલાક શ્રેષ્ઠ તબીબી અને સર્જીકલ નિષ્ણાતો, અત્યાધુનિક HAPO ચેમ્બર અને ઓક્સિજન જનરેશન પ્લાન્ટ્સ ઉપરાંત જીવન-સહાયક પ્રણાલીઓ છે. આનાથી ખાતરી થઈ છે કે, આ પડકારજનક પ્રદેશમાં દરેક જીવન બચાવવાના તમામ પ્રયત્નો કરવામાં આવે છે." HAPO (હાઈ એલ્ટિટ્યુડ પલ્મોનરી એડીમા) ચેમ્બર એ જીવન બચાવનાર ઉપકરણ છે, જે શ્વાસ લેવામાં તકલીફ અને ફેફસાં વગેરેમાં પ્રવાહીના સંચયને લગતી તબીબી પરિસ્થિતિઓમાં કટોકટીની સારવાર પૂરી પાડે છે.

# CBSEના ધોરણ-૬ના વિદ્યાર્થીઓને બ્રિજ કોર્ષથી તૈયારી કરાવાશે

## NCERT દ્વારા ધોરણ-૬ના વિદ્યાર્થીઓ માટે બ્રિજ કોર્ષના પુસ્તકો તૈયાર કરાયા

અમદાવાદ, તા.૧૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) સ્કૂલોમાં નવા શૈક્ષણિક વર્ષથી ધો.૩ અને ધો.૬ના નવા પુસ્તકો અમલમાં આવવા છે, પરંતુ આ પુસ્તકો આવે તે પહેલા ધો.૬ના વિદ્યાર્થીઓ માટે બ્રિજ કોર્ષનું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. NCERT દ્વારા બ્રિજ કોર્ષનું પુસ્તક તૈયાર કરાયું છે, આ પુસ્તકની લિંક બોર્ડ દ્વારા તમામ સ્કૂલોને મોકલવામાં આવી છે અને તેના આધારે વિદ્યાર્થીઓને તૈયારી કરાવવા માટે સૂચના આપી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE દ્વારા નવી શિક્ષણનીતિ અંતર્ગત સરક્યુલર બહાર પાડી સૂચના જાહેર કરી છે, જેમાં નવી શિક્ષણનીતિ અંતર્ગત ધો.૬ માટેના બ્રિજ કોર્ષ અને ધો.૩ માટેના ફાઉન્ડેશન કોર્ષ અંગે જાણકારી આપવામાં આવી છે. NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલા ધો.૬ના બ્રિજ કોર્ષને લઈને CBSE દ્વારા લિંક આપવામાં આવી છે. જ્યાંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ પુસ્તકની કોપી ડાઉનલોડ કરી શકે છે. NCERT દ્વારા ધો.૩ અને ધો.૬ના નવા અભ્યાસક્રમને લઈને પુસ્તકો તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેમાં ધો.૩ના પુસ્તકોમાં હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ, ગણિત, કલા શિક્ષા, શારીરિક શિક્ષણ અને આપણી આસપાસનું વિશ્વ જેવા પુસ્તકોને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે. ધો.૩ના વિદ્યાર્થીઓ માટે બે સપ્તાહનો ફાઉન્ડેશન કોર્ષ અને ધો.૬ના વિદ્યાર્થીઓ માટે બ્રિજ કોર્ષ તૈયાર કરવામાં આવ્યો છે. બોર્ડ દ્વારા બ્રિજ કોર્ષને લગતા પુસ્તકો અંગેની લિંક પણ મોકલવામાં આવી છે. જ્યાંથી ૧૦ જેટલા વિષયોના બ્રિજ કોર્ષના પુસ્તકો ડાઉનલોડ કરી શકાશે. આ પુસ્તકો અંગે સ્કૂલોને જાણકારી આપવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી CBSE બોર્ડ દ્વારા ધો.૩ અને ધો.૬ માટે નવા પાઠ્ય પુસ્તકો અમલમાં લાવવામાં આવશે. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ CBSEને ૧૮ માર્ચ, ૨૦૨૪ના પત્ર દ્વારા જાણ કરી હતી કે, ગ્રેડ-૩ અને ૬ માટેનો નવો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો હાલમાં તૈયાર થઈ રહ્યા છે. જેથી શાળાઓએ હવે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪થી NCERT દ્વારા પ્રકાશિત જૂના પાઠ્યપુસ્તકોની જગ્યાએ ધો.૩ અને ૬ માટે નવા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોના આધારે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનો રહેશે.

### ૩૩% સ્ત્રી અનામતની વાતો પોકળ !

# રાજકીય પક્ષોની મહિલાઓને ટિકિટ આપવામાં કંજૂસાઈ

## મહિલા ઉમેદવારોને ચૂંટણીના મેદાનમાં ઉતારવાની વાતો પોકળ સાબિત થઈ રહ્યા હોવાના આંકડા ચાડી ખાય છે

નવી દિલ્હી, તા.૧૬

લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રોર ભરવાની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે સૌથી મહત્વનો મુદ્દો એ ઉઠે છે કે- મહિલા સશકતિકરણની ગુલબાંગો પોકારતા રાજકીય પક્ષો તરફથી કેટલી ટિકિટો મહિલાઓ માટે ફળવાઈ ? ૩૩ ટકા અનામતની વાતો કરતી ભાજપ સરકારે પણ ટિકિટ ફાળવણીમા મહિલાઓ ને કેટલુ મહત્વ આપ્યું ? જો ગુજરાતના રાજકીય ઈતિહાસની વાત કરીયે તો ૧૯૬૨માં ગુજરાતમાં પ્રથમ વખત લોકસભાની ચૂંટણી યોજાઈ હતી ત્યારથી ૨૦૧૯ સુધીમાં ૩,૫૬૨ ઉમેદવારો મેદાનમાં હતા. આમાં માત્ર ૧૬૦ મહિલાઓએ ઉમેદવારી નોંધાવી હતી. સંસદમાં ગુજરાતમાંથી મહિલાનું પ્રતિનિધિત્વ ઓછા પ્રમાણમાં રહેવાનું કારણ મહિલાઓ રાજકારણથી દૂર રહેવા માંગે છે અથવા રાજકીય પક્ષો દ્વારા પણ મહિલાઓને પૂરતા પ્રમાણમાં ટિકિટ આપવામાં આવતી નથી તે છે દેશમાં ૩૩% મહિલા અનામતની વાતો કરનાર રાજકીય પક્ષો પણ આ મામલે ઉદાસીન રહ્યા છે. જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર એક રાજ્ય હતા ત્યારે ગુજરાત રાજ્યની સ્થાપના પહેલા સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી મણીબેન તથા સાબરકાંઠા બેઠક ઉપરથી જોહરબેન ચાવડા સાંસદના પદ ઉપર રહ્યા હતા. ૧૯૬૨માં અમરેલીની બેઠક ઉપરથી જયાબેન શાહ અને બનાસકાંઠાની બેઠક ઉપરથી જોહેરા બેન ચાવડા વિજેતા બન્યા હતા. ૧૯૭૭ની ચૂંટણીમાં મહેસાણાની બેઠક ઉપરથી મણીબેન પટેલ એકમાત્ર વિજેતા મહિલા ઉમેદવાર હતા. ૧૯૮૦ની લોકસભા ચૂંટણીમાં એક પણ મહિલા ઉમેદવાર સાંસદ બન્યા ન હતા, ૧૯૮૪માં કચ્છની બેઠક ઉપર ઉષાબેન ઠક્કર વિજેતા થયા હતા. ૧૯૯૮એ ૯૯ અને ૨૦૦૪ એમ સળંગ ત્રણ ટર્મ સુધી વડોદરાની બેઠક ઉપર જયાબેન ઠક્કર સાંસદ રહ્યા હતા. ગુજરાતમાં ૧૯૬૨માં ૨, ૧૯૮૪માં ૨, ૧૯૯૧માં૧, ૧૯૯૬માં ૨, ૧૯૯૮માં ૪, ૧૯૯૯માં ૩, ૨૦૦૪માં ૧, ૨૦૦૯માં ૪, ૨૦૧૪માં ૪, ૨૦૧૯માં ૬ મહિલા સાંસદો ચૂંટાયા હતા. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપએ કુલ ચાર મહિલાને ટિકિટ આપી છે, જ્યારે કોંગ્રેસે અત્યાર સુધીમાં જાહેર કરેલા ઉમેદવારોમાં ત્રણ મહિલાઓને ટિકિટ આપી છે, જેમાં હાલના ચિત્ર મુજબ માત્ર બનાસકાંઠામાં એક એવી બેઠક છે જેમાં બે મહિલા ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. ગુજરાતની ૯ બેઠકો એવી છે કે જ્યાં ક્યારેય મહિલા સાંસદ ચૂંટાયા નથી. જેમાં અમદાવાદ પશ્ચિમ, ગાંધીનગર, પોરબંદર, પાટણ, પંચમહાલ, ખેડા, ભરૂચ, વલસાડ અને નવસારીની બેઠકોનો સમાવેશ થાય છે. ગુજરાતના અત્યાર સુધીના ઈતિહાસમાં એક પણ મહિલા ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા પણ નથી.

# વિશ્વના સૌથી સુરક્ષિત મોબાઈલ ફોન પણ ભારે ખતરા હેઠળ



નવી દિલ્હી તા.૧૬

વિશ્વમાં સૌથી વધુ સુરક્ષિત ગણાતા મોબાઈલ ફોન ઉપર પણ શક્તિશાળી સ્પાયવેરનો ખતરો મંડરાઈ રહ્યો છે તે ચિંતાનો વિષય છે. એપલ કંપનીએ ભારત સહિત ૯૨ દેશોમાં આ વર્ષની પ્રથમ ચેતવણી જાહેર કરી છે. આ કંપનીના મોબાઈલ ધારકોને સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે. કંપનીએ આ ખતરો કેટલો મોટો છે તે અંગેના આંકડા જાહેર કર્યા નથી, પરંતુ સુરક્ષિત મોબાઈલ અને નેટવર્ક હોવાનો દાવો કરતી આ કંપની જો કોઈ સ્પાયવેરથી ચિંતિત હોય તો તેને ગંભીરતાથી લેવી જોઈએ. સૌથી પહેલાં તો સૌથી સુરક્ષિત મનાતા મોબાઈલને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે, જેથી તેનો વ્યાપક હેતુ સમજી શકાય. જો સૌથી વધુ લોકપ્રિય અને સુરક્ષિત મોબાઈલ જ ટાર્ગેટ હોય તો બીજા મોબાઈલ કેટલા સુરક્ષિત ગણવા જોઈએ,આને માત્ર બ્રાન્ડ ઉપર જ નહીં, પણ મોબાઈલ સેવા ઉપરના હુમલા તરીકે જોવું જોઈએ. આનાથી મોબાઈલ સેવાની વિશ્વસનીયતા તેમજ ગુણવત્તાને અસર થશે.

એવું લાગે છે કે ટોચની મોબાઈલ સેવાને તોડવાનો આ પ્રયત્ન સાયબર જાસૂસી ષડયંત્રનું વિસ્તરણ છે. સ્પાયવેર હેઠળ મોબાઈલમાં એક ખાસ બગ અથવા તત્વ દાખલ કરવામાં આવે છે, જે એપ્લિકેશન અથવા SMS દ્વારા માહિતી લીક કરવાનું શરૂ કરે છે. જેના કારણે કોઈપણ મોબાઈલ ફોન ધારક વિશે ઘણી બધી માહિતી એકઠી કરી શકાય છે અને તેનો દુરૂપયોગ થઈ શકે છે. અત્રે નોંધનીય છે કે આ ફોન મોંઘો હોવાથી સામાન્ય રીતે સમાજ કે તંત્રના ઉચ્ચ પદો પર બેઠેલા લોકો તેનો ઉપયોગ કરે છે. જો કોઈ જવાબદાર વ્યક્તિનો ફોન હેક થઈ જાય તો તેમાંથી ચોરને ઘણો ફાયદો થઈ શકે છે. ગોપનીયતાનો ભંગ થાય છએટલું જ નહીં, આર્થિક નુકસાનનો પણ ઘણો ખતરો છે. નોંધનીય છે કે પેગાસસના કારણે એપલ ફોન પણ નિશાના હેઠળ આવ્યા હતા, ત્યારે એપલ કંપનીએ ખૂબ જ કડક વલણ દાખવ્યું હતું અને પેગાસસ કંપનીને પણ ઘેરી હતી.

એપલના તેની સુરક્ષાને જાળવવાના પ્રયત્નો યોગ્ય છે કારણ કે તે તેના ગ્રાહકો માટે વાજબી ચિંતામાંથી ઉદ્ભવે છે. જો કે, તે જરૂરી નથી કે તમામ એપલ ફોન માલિકો સ્પાયવેર દ્વારા લક્ષ્યાંકિત હોય. સાયબર ગુનેગારો પોતાના ફાયદા માટે અમુક લોકો અથવા અમુક ફોનને નિશાન બનાવી શકે છે. ભારતમાં ચૂંટણીનો સમય હોવાથી આ ખતરાને અહીં નકારી શકાય તેમ નથી. નોંધનીય છે કે વિશ્વના પચાસથી વધુ દેશોમાં ચૂંટણીઓ યોજાઈ રહી છે, તેથી માત્ર એપલ જ નહીં, તમામ મોબાઈલ ફોન ઉત્પાદકો અને સેવા પ્રદાતાઓએ તેમના ઉત્પાદનો અનેસેવાઓની સુરક્ષા અંગે જાગૃત રહેવું જોઈએ. જો એપલના ફોન નિશાન બની શકતા હોય તો દુનિયાની કોઈપણ કંપનીના ફોન સાથે ખિલવાડ થઈ શકે છે.

ગ્રાહકો અથવા વપરાશકર્તાઓની સલામતી સર્વોપરી રહેવી જોઈએ. આમેય ભવિષ્ય તે કંપનીઓનું છે જે તેમના ગ્રાહકો માટે સરકારો સાથે પણ લડે છે. આજે વિશ્વની તે સરકારો વિશે એક મોટી ચિંતા છે જે જાસૂસીની કૂટેવ ધરાવે છે. ભૂતકાળમાં પણ સરકારો દ્વારા જાસૂસીના ઘણાં કિસ્સાઓ બહાર આવ્યા છે. આવી સ્થિતિમાં જો કંપનીઓની તેમના ગ્રાહકો પ્રત્યેની વફાદારી દેશના બંધારણની મર્યાદામાં રહેશે, તો લોકો વધુ સુરક્ષિત અને સશક્ત અનુભવશે. તમામ IT કંપનીઓએ હાર્ડવેર અને સોફ્ટવેર બંને મોરચે સંયુક્ત રીતે સાયબર સુરક્ષા સિસ્ટમ તૈયાર કરવી જોઈએ, જેથી વાયરસ, માલવેર અથવા સ્પાયવેરને નિયંત્રિત કરી શકાય.

# ઈટાલી, જાપાન અને જર્મની સહિતના દેશોએ ઈરાની હુમલાની કરી નિંદા

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેને ઈરાન દ્વારા ઈઝરાયેલ ઉપર કરવામાં આવેલા ડ્રોન અને મિસાઈલ હુમલાને લઈને જી-૭ દેશોના નેતાઓ સાથે વાત કરી હતી. જી-૭ના નેતાઓએ ઈરાન દ્વારા ઈઝરાયેલ પરના સીધા હુમલાની સખત નિંદા કરતા કહ્યું કે તેનાથી તણાવ વધશે. જી-૭ નેતાઓએ રાષ્ટ્રપતિ જો બિડેનના કોન્ફરન્સ કોલ પછી સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે ઈરાને પ્રદેશને અસ્થિર કરવાની દિશામાં પગલાં લીધાં છે. આ ટાળવું જોઈએ. અમે પરિસ્થિતિને સ્થિર કરવા અને વધુ વધારો ટાળવા માટે કામ કરવાનું ચાલુ રાખીશું.શનિવારે ઈરાન પર ઈરાનના હુમલા બાદ ઈઝરાયેલે કહ્યું કે અમે ઈરાન અને તેના પ્રોક્સીઓ તેમના હુમલા બંધ કરવાની માંગણી કરીએ છીએ અને અમે વધુ અસ્થિર પહેલના જવાબમાં વધુ પગલાં લેવા તૈયાર છીએ. ઈઝરાયલના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈરાન દ્વારા છોડવામાં આવેલી ૯૯ ટકા મિસાઈલો કોઈ ખાસ નુકસાન પહોંચાડ્યા વિના તોડી પાડવામાં આવી હતી. જી-૭ જૂથમાં અમેરિકા, ઈટાલી, જાપાન, જર્મની, ળાન્સ, બ્રિટન અને કેનેડાનો સમાવેશ થાય છે. જી-૭ નેતાઓએ ઈઝરાયેલ અને તેના લોકો માટે સંપૂર્ણ એકતા અને સમર્થન વ્યક્ત કર્યું છે. જી-૭ નેતાઓએ જણાવ્યું હતું કે અમે તાત્કાલિક અને કાયમી યુદ્ધવિરામ તરફ કામ કરવા અને હમાસ દ્વારા બંધકોને મુક્ત કરવા અને જરૂરિયાતમંદ પેલેસ્ટિનીઓને માનવતાવાદી સહાય પૂરી પાડવા સહિત ગાઝામાં કટોકટીનો અંત લાવવા માટે અમારા સહયોગને મજબૂત કરીશું. બિડેને જોર્ડનના કિંગ અબ્દુલ્લા સાથે ફોન દ્વારા ઈઝરાયેલ વિરુદ્ધ ઈરાનના હુમલા અંગે પણ ચર્ચા કરી હતી.ઈરાનના હુમલા બાદ પણ ઈઝરાયેલની સેના હાઈ એલર્ટ પર છે. ઈરાને લગભગ ૬૦ ટન શસ્રો અને વિસ્ફોટક સામગ્રી સાથે ઈરાન, ઈરાક, યમન અને લેબનોનના હિઝબુલ્લાહથી લગભગ ૩૫૦ આત્મઘાતી ડ્રોન, ક્રુઝ મિસાઈલ, બેલિસ્ટિક મિસાઈલ અને રોકેટ ઈઝરાયેલ તરફ છોડ્યા હતા.

### એક લાખ રૂપિયાનો દંડ ભરવો પડશે

# પતંજલિની વધુ એક પોલ ખોલી, મધનો નમૂનો ફેલ

પિથોરાગઢ, તા.૧૬

પતંજલિના પેક મધના નમૂના ટેસ્ટીંગમાં ફેલ થતા નિર્ણાયક અધિકારીએ કાર્યવાહી કરવામાં આવી છે. આ બાબતે મળતી માહિતી પ્રમાણે આશરે ચાર વર્ષ પહેલા ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લાના ડીડીહાટમાંથી લેવામાં આવેલા પતંજલિના પેક્ડ મધના નમૂનાનું પરીક્ષણ કરવા માટે લેવામાં આવ્યા હતા. પરીક્ષણમાં પેક્ડ મધના નમુના ખાવાલાયક ન હતા, કારણ કે તેમા સુક્રોઝનું પ્રમાણ ડબલ માત્રામાં હતું. આ મામલે નિર્ણાયક અધિકારીએ ડીડીહાટના વેપારી અને રામનગરના ડિસ્ટ્રીબ્યુટર કંપની ઉપર એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જિલ્લા ખાદ્યર સુરક્ષા અધિકારી આરકે શર્માએ જણાવ્યું કે, જુલાઈ ૨૦૨૦માં વિભાગને ડીડીહાટમાં આવેલ ગૌરવ ટ્રેડિંગ કંપનીમાંથી પેક્ડ પતંજલિ મધના સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેને ટેસ્ટિંગ માટે રૂદ્રપુરમાં આવેલી લેબમાં મોકલાવ્યા હતા. તપાસ દરમ્યાન મધમાં સુક્રોઝનું પ્રમાણ ધોરણ ૫ ટકાને બદલે ૧૧.૧ ટકા (એટલે કે લગભગ બમણું) હોવાનું જણાયું હતું. નવેમ્બર ૨૦૨૧માં વિભાગે સંબંધિત વિક્રેતા વિરૂધ્ધ દાવો દાખલ કરવામાં આવ્યો હતો. નિર્ણાયક અધિકારી અને એડીએમ ડો. એસ.કે. બરનવાલે ચુકાદો સંભળાવ્યો હતો. જેમા ગૌરવ ટ્રેડિંગ કંપની ઉપર ૪૦ હજાર રૂપિયા અને સુપર સ્ટોકિસ્ટ કાન્હાજી ડિસ્ટ્રીબ્યુટર રામનગરને ૬૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

# દેશના મોટાભાગમાં પ્રિ મોનસૂનની ગતિવિધિ વધી



નવી દિલ્હી, તા.૧૬

દેશના મોટા ભાગમાં પ્રી મોનસૂનની ગતિવિધિઓ વધી ગઈ છે. તેના લીધે ઘણા રાજ્યોમાં ગરમીમાંથી રાહત મળશે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં વરસાદ થયો છે. સ્કાઈમેટ વેધરના રિપોર્ટ અનુસાર હવામાન સિસ્ટમના સંયોજનના લીધે આ પ્રકારની હવામાન પેટર્ન હજુ જોવા મળશે. તેના લીધે દેશના ઘણા ભાગમાં આગામી દિવસોમાં ભારે વરસાદ પણ પડશે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા-ચંદીગઢ, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, પશ્ચિમી મધ્ય પ્રદેશમાં વિજળી સાથે વાવાઝોડું આવી શકે છે. આ દરમ્યાન આ રાજ્યોના કેટલાક ભાગમાં ભારે પવન સાથે કરા પડી શકે છે. હવામાન વિભાગના અનુસાર પૂર્વી ઉત્તર પ્રદેશ, પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભ, અસમ અને મેઘાલયમાં વિજળી સાથે ૩૦-૪૦ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે. છત્તીસગઢ, પશ્ચિમ બંગાળના હિમાલયી ક્ષેત્ર અને સિક્કીમમાં વિજળીની સંભાવના વ્યકત કરવામાં આવી છે. જમ્મૂ કાશ્મીર, લદાખ અને હિમાચલ પ્રદેશના કેટલાક ભાગમાં હિમવર્ષા થઈ શકે છે, જ્યારે ઘણી જગ્યાઓ ઉપર ભારે વરસાદનું અનુમાન વ્યકત કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં પણ ભારે વરસાદ અને હિમવર્ષાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ફ્લેટ વેંચવાનો છે

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં 2 BHK ફ્લેટ વેંચવાનો છે ફિકસ ફર્નીચર સાથે લીફટની સુવિધા છે

મો. ૯૮૨૪૫ ૯૨૫૫૯

### માફા માફીનો સમય પુરો..

# ભાજપ અને રાજપુત સમાજની યુધ્ધ એજ કલ્યાણની નીતિનો ચુંટણી રણટંકાર

**ચુંટણી ચક્રવ્યુહ**
ગોરધન પાઘડાર
(સિનીયર પત્રકાર)

જૂનાગઢ, તા.૧૬

વડોદરા સહીતનાં બે ઉમેદવારને ભાજપે બદલ્યા પછી તેનો ચેપ રાજકોટ સહિત કેટલીક બેઠકો ઉપર લાગે તે પહેલાં ઉચ્ચ મોવડી મંડળે એક મજબુત છતાં કઠોર નિર્ણય લીધેલો હતો કે, ડોશી ભલે મરે પણ જમડા ઘર સુધી પહોંચવા ન જોઈએ પણ રાજકોટમાં તો પરિસ્થિતિ એ કોઈ નવો જ વળાંક લીધો હતો. ભાજપ કે મોદીની સામે કોઈ વિરોધ જ હતો નહીં. વિરોધ હતો માત્ર રૂપાલાએ કરેલા વાણી વિલાસ સામે. વીરોધ કરનારા રાજપુતો. આમ તો ભાજપની જ મત બેંક ગણાતી હોવાથી તેની અસર રાજકોટ સિવાય ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોની બેઠક ઉપર થાય તેવો એક નવો વળાંક - સર્જાયેલ હતો છતાં મોવડી મંડળે અતિ ગંભીરતાથી આ તમામ સારા નરસા પાસા ઉપર ગહન ચિંતન કર્યા બાદ જે તે વખતે જ અડગ નિર્ણય લઈ લીધેલો હતો કે પરિણામ જે આવે તે પણ રૂપાલાને બદલવામાં નહીં આવે. ભાજપ મોવડી મંડળના કઠોર કડવી દવા રૂપ આ નિર્ણયની એટલી મોટી અસર પડી કે, જૂનાગઢ સહિત અન્ય બેઠક ઉપરના ઉમેદવાર બદલવાની માંગણી કરવાની કોઈની હિંમત જ ચાલી નહી. પરંતુ રાજકોટ બેઠક માટે રાજપુત સમાજની મહિલાઓ રીતસરની રણચંડી બનવા સાથે આ પ્રશ્ને રાજકોટ, સૌરાષ્ટ્ર, ગુજરાતના સિમાડાઓ વટાવી રાષ્ટ્રીય કક્ષાનો બની ગયો હોય તેમ રાજપુત સમાજના આબાલ, વૃધ્ધ સૌ રાજપુતો ખાસ કરીને યુવાનો આ પ્રશ્નને પોતાની જાતિય અસ્મિતાનો બનાવી મહીલાઓના સમર્થનમાં શેરી ગલી ઓમા ઉતરી આવ્યા અને સભા, સરઘસો, સંમેલનો, આવેદન પત્રો, બહિષ્કાર સહીતના હથિયારો સાથે રૂપાલા અને ભાજપ સામે આમ જોઈએ તો રીત સરના તુટી પડયા. છતાં પણ ભાજપ મોવડી મંડળે અગાઉ લીધેલા કઠોર નિર્ણયમાં કોઈ ફેરફાર કરવાનો લેશમાત્ર ઈરાદો દર્શાવાને બદલે રાજપુત સમાજના રાજ પુરૂષો અને ભૂતપૂર્વ રાજા મહારાજાના વંશજોને મેદાન ઉતારેલા. જેમ ભાજપ મોવડી મંડળ પોતાના કઠોર નિર્ણયમાં અડગ રહ્યું તેમ સામે રાજપુત સમાજની મહીલાઓ જ સમસ્ત રાજપુત સમાજની ઈજ્જતના ભોગે રૂપાલાને સ્વિકારવા તૈયાર જ નથી. ત્યાં જાહેરનામું બહાર પડ્યું રૂપાલાએ પોતાનું ઉમેદવારી પત્ર ભરવાની તૈયારી સાથે મક્કમતા સાથે ભાજપની નવી રણનીતિ મૂજબ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે, માફા માફીનો સમય પુરો થયો. હવે યુધ્ધએ જ કલ્યાણ સાથે વિરોધીઓને જડબાતોડ સંદેશો આપી દીધો કે, લોકસભા રાજ્યસભા તો બહુ જોઈ છે .પોતે સતા માટે નહીં પણ પક્ષના આદેશથી ચૂંટણી મેદાનમાં ઉતરેલા છે.

ટુંકમાં .. ડોશી મરી જાય તો ભલે .મતલબ કે રૂપાલા હારી જાય તો ભલે પણ આવો ઉમેદવાર બદલવાનો કમજોર ચીલો તો પક્ષમાં પડવો જ ન જોઈએ એવં પક્ષ અને તેના નિતિ નિયમો, સિધ્ધાંતો હંમેશા અગ્રેસર હોય છે. નહીં કે કોઈ નેતાના મુઠીભર સમર્થકો. જો કે રૂપાલા તો અત્યારે ફુલ ફોર્મમાં આવી ને પોતાની અસલ ગંગા વાણીનો પ્રવાહ વહેતો કર્યો છે તેના કેવા પડઘા રાજકોટમાં પડશે તે તો સમય જ કહી શકે ? જો....કે.. જંગે ચડેલી રાજપૂતાણીઓ અસલ ચંડી રૂપમાં આવીને નફ્ફટ રાજકારણીઓને એક એવો સબક શીખવાડવા માંગે છે કે , રાજપુત સમાજની જ નહીં કોઈ પણ સમાજની માં-બેન, દીકરીઓના શીલ સામે આંગળી ચિંધતા પહેલા હજાર વાર વિચાર કરે. આ મુળ ઉદ્દેશ છે તેને ફળદાયી બનાવવા રાજપુત સમાજ હવે રૂપાલાની સાથો સાથ ભાજપ અને મોદીને પણ ભરી પીવા જરૂર પડ્યે શામ ,દામ, દંડ અને ભેદ સાથે લડી લેવા એટલાજ મક્કમ દેખાય છે. ટુંકમાં સામે સામે ગઝવેલ લોઢા અથડાવાના છે ત્યારે કેવા તણખા નહીં પણ ભળકા થશે તે તો આવનારો સમય જ બતાવું શકે. પણ બંને પક્ષો અત્યારે તો પોત પોતાની જીદ એવં માંગ ઉપર હિમાલય જેટલા અડગ જોવા મળે છે.

# ખંભાળિયાના સલાયા અને કોઠા વિસોત્રી ગામે નાટક થકી મતદારોને 'મતદાન જાગૃતિ સંદેશો' પાઠવાયો

### કલ્યાણપુરના લાંબા અને નાવદ્રામાં મતદાર જાગૃતિ પત્રિકાઓનું વિતરણ



જામ ખંભાળિયા , તા. ૧૬

જામ ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત તા. ૭ મે ના રોજ મતદાન થવાનું છે. દરેક નાગરિક મતદાન કરવા અંગે જાગૃત બને અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીની પ્રક્રિયામાં ભાગીદાર બને તે માટે જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ખંભાળિયા મતદાર વિભાગનાં એક પણ મતદાર મતદાનથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી જી.ટી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં લોકોને જાગૃત કરવાના હેતુથી સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) કાર્યક્રમ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં ખંભાળિયા મતદાર વિભાગમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કે.કે. કરમટાના વડપણ હેઠળ મહત્તમ મતદાન થાય તે માટે વ્યાપક પ્રમાણમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ખંભાળિયા તાલુકાના કોઠા વિસોત્રી તેમજ સલાયા બંદર ખાતે માછીમારો મહત્તમ મતદાન કરે તે માટે શેરી નાટક થકી મતદાર જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં નાટ્ય કલાકારોએ મતદાન જાગૃતિ સંદેશ આપતું પ્રેરણાત્મક નાટક પ્રસ્તુત કરી લોકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. ખાસ કરીને મહિલા મતદાતાઓ પરિવાર સાથે મહત્તમ મતદાન કરે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

ગ્રામજનોએ પરિવાર સાથે અવશ્ય મતદાન કરવા માટે સંકલ્પ લીધા હતા. ચૂંટણીમાં ટર્નઆઉટ ઈમ્પલીમેન્ટેશન પ્લાન(TIP) અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન અંગે જાગૃતિ ફેલાવી મતદાનમાં મતદારોની સહભાગીદારીતા વધારવા તેમજ **'No Voters to be left behind'** નો હેતુ સિદ્ધ કરવા માટે જિલ્લામાં વિવિધ પ્રકારના મતદાન જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. ખાસ મહિલા મતદારોમાં મતદાન જાગૃતતા કેળવાઈ અને મહિલાઓ વધુમાં વધુ મતદાન કરવા પ્રેરાય તેવા ઉમદા હેતુથી કલ્યાણપુર તાલુકાના લાંબા અને નાવદ્રા ગામે મતદાર જાગૃતિ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આવતીકાલે જીવનનગરના મહાદેવ ધામમાં રામનવમીની ઉજવણી

### સવારે પ્રભાત ફેરીથી આખો દિવસ ધાર્મિક કાર્યક્રમો, રહીશોમાં અનેરો ઉત્સાહ



રાજકોટ તા.૧૬

જીવનનગર વિકાસ સમિતિ સંચાલિત રામેશ્વર મહાદેવ મંદિર, મહાદેવધામ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા મંડળના સંયુકત ઉપક્રમે આવતીકાલે બુધવાર તા.૧૭ મી રામનવમી જન્મોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે. મંદિરમાં સવારથી મોડી રાત સુધી અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨ કલાકે મહાઆરતીમાં ભાજપના આગેવાનો હાજરી આપવાના છે. મંદિરના વ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટની સંયુકત યાદીમાં જણાવ્યું કે દેશભરમાં રામનવમીની સૂર્ય તિલક સાથે ધામધૂમથી ઉજવણી થવાની છે. મંદિરમાં સવારના પ્રભાત ફેરી, સુંદર કાંડના પાઠ, મહાઆરતી, દિપમાલા, સત્સંગ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાવાના છે. બપોરે ૧૨ કલાકે મહાઆરતી સાથે પ્રસાદનું વિતરણ થશે. રામલલ્લાની ઉજવણી માટે રહીશોમાં અનેરો થનગનાટ છે. મંદિરનું સુશોભન, રોશનીથી શણગારવામાં આવશે. જીવનનગર સમિતિ અનેકવિધ પ્રવૃતિઓ કરે છે. શ્રદ્ધા-વિશ્વાસનું કેન્દ્ર છે.

મહાઆરતીમાં વોર્ડ નં. ૧૦ ના નગરસેવકો ચેતનભાઈ સુરેજા, નિરૂભા વાઘેલા, જયોત્સનાબેન ટીલાળા, રાજેશ્રીબેન ડોડીયા, પૂર્વ કોર્પોરેટર પરેશભાઈ હુંબલ, અશ્વિનભાઈ ભોરણીયા, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, પ્રમુખ રજનીભાઈ ગોલ, શહેર ભાજપ મંત્રી હરેશભાઈ કાનાણી, વિજયભાઈ પાડલીયા, વોર્ડ મહામંત્રી મેહુલભાઈ નથવાણી, રત્નદિપસિંહ જાડેજા, ઉપપ્રમુખ કેતનભાઈ મકવાણા, મંત્રી વિપુલભાઈ પંડયા, ઓબીસીના રણજીતભાઈ ચૌહાણ, વિનુભાઈ ભટ્ટ, જયેશભાઈ પંડયા, અશોકભાઈ વાઘેલા, પાર્થ ગોહેલ વગેરે વિશેષ હાજરી આપવાના છે. સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયા મહેમાનોનું સ્વાગત કરી ઉત્સવ, ત્યૌહારની માહિતી આપશે તેમજ આગામી હનુમાન જયંતિના કાર્યક્રમોની જાહેરાત કરનાર છે.

મહોત્સવની તૈયારી મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, અલ્કાબેન પંડયા, શોભનાબેન ભાણવડિયા, યોગીતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, હર્ષાબેન પંડયા, જયોતિબેન પુજારા, આશાબેન મજેઠીયા, હંસાબેન ચુડાસમા, ભારતીબેન રાવલ, પ્રફુલ્લાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ તથા સમિતિના અંકલેશ ગોહિલ, પાર્થ ગોહેલ, વિનુભાઈ ભટ્ટ, કેતનભાઈ મકવાણા, વિપુલભાઈ પંડયા, જયેશભાઈ પંડયા, અશોકભાઈ વાઘેલા વિગેરે કરી રહ્યા છે.

# સરકારી હોસ્પિટલોમાં સબ સ્ટાન્ડર્ડ દવાઓની સપ્લાય

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૧૬

અખિલ ભારતીય કોળી સમાજના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલને પત્ર લખીને રજુવાત કરી છે કે સરકારી આરોગ્ય કેન્દ્રોમાં સરકાર દ્વારા જરૂરિયાત મુજબની દવાઓ આરોગ્ય કેન્દ્રો ફાળવવામાં આવતી હોય છે. આ દવાઓ સરકાર દ્વારા દવાઓ બનાવતી કંપનીઓ પાસેથી સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ખરીદ કરવામાં આવતી હોય છે. પરંતુ તાજેતરમાં આ દવાઓ ખરીદી કર્યા બાદ જે તે આરોગ્ય કેર્ન્માં વિતરણ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ આ દવાઓ સબ સ્ટાન્ડર્ડ છે. અને દર્દીઓને આ દવાઓ હવે આપવી નહીં. તો અહીં એ પ્રશ્ન છે કે આ દવાઓ જે તે દર્દીઓને આપી દીધી હોય તે દર્દીઓનું શું ? તો શું આરોગ્ય વિભાગે આ દવાઓ પરીક્ષણ કર્યા વગર ખરીદી કરી હશે ?

સરકારી હોસ્પિટલનો મહત્તમ ઉપયોગ ગરીબ અભણ ,મધ્યમ વર્ગના લોકો અને છેવાડાના લોકો કરતા હોય છે ત્યારે તેના આરોગ્ય સાથે છેડા કેટલા યોગ્ય? તો આ બાબતે સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આ ખરીદી બાબતની તપાસ કરવામાં આવે અને જવાબદાર તમામ સામે પગલા લેવામાં આવે તેવી માંગણી રસિક ચાવડા દ્વારા કરવામાં આવી છે.


## ગિરધરભાઇ ઘાડીયાની 'દષ્ટિ ' એડ. એજન્સી ઉજવે છેસંબંધોના વિશ્વાસની યાત્રાની ૪૫મી વર્ષગાંઠ

### કલાયન્ટસના સહયોગથી ૪૬ માં વર્ષમાં યશસ્વી પ્રવેશ



ગિરધરભાઇ ઘાડીયા
(ફાઉન્ડર-ચેરમેન)



ગિરીશભાઇ ત્રિવેદી
(એમ. ડી.)

વર્તમાન સમયમાં વ્યવસાયમાં સ્પર્ધા, મંદી, પરિવર્તન, સંઘર્ષ અને માર્કેટના બદલાતા પ્રવાહો જેવા અનેક પડકારો મોં ફાડીને ઊભા છે ત્યારે માર્કેટમાં અસ્તિત્વ ટકાવી રાખવું તે વિકટ પ્રશ્ન છે.
આવી પરિસ્થિતિમાં કોઇ પણ લોકલ કે નેશનલ બ્રાન્ડને ડેવલપ કરવા અને માર્કેટ, બ્રાન્ડ અને ઉપભોક્તાની સતત બદલાતી માંગ સાથે એકરૂપતા જાળવવા દરેક વ્યવસાયીઓએ તમામ તબક્કે એક કદમ આગળ રહેવું પડે છે, અને આ માટે 'દષ્ટિ' એડ. એજન્સી હંમેશા વ્યવસાયના તમામ તબક્કે એક કદમ આગળ રહી છે અને પોતાના કલાયન્ટસને પણ એક કદમ આગળ રાખવા ૧૯૭૯થી કાર્યરત છે. અનેકવિધ સોપાનો અને સિદ્ધિઓ સર કરી 'દષ્ટિ'એ આજે સૌરાષ્ટ્ર સ્થિત ૩૦૦ થી વધુ લોકલ, નેશનલ લેવલની બ્રાન્ડને ડેવલપ કરવાથી લઇને ભારતભરના તેમજ વિદેશના ન્યૂઝપેપર્સ-મેગેઝિન, રેડિઓ, ટીવીમાં એડવર્ટાઇઝમેન્ટ રીલિઝ તેમજ કોઇ પણ પ્રકારની ગ્રાફિક ડિઝાઇન-પ્રિન્ટિંગ ઉપરાંત સોશિયલ મીડિઆની સર્વિસના પરિવર્તનોથી વાકેફ રહીને પોતાની લીડરશિપ જાળવી રાખી છે અને ઉત્તરોત્તર સતત નવીનતા આપવા માટે પ્રતિબદ્ધ છે. 'દષ્ટિ'ના આ તમામ સબળ પાસાઓને કારણે જ આજના સ્પર્ધાત્મક યુગમાં પણ પોતાનું મોખરાનું સ્થાન છેલ્લા ૪૫ વર્ષોથી અડગ, અટલ અને વિશ્વસનીયતા સહ જાળવી રાખ્યું છે અને ૪૬માં વર્ષમાં યશસ્વી પ્રવેશ કરે છે.
આ અવસરે 'દષ્ટિ'ની સફળતાની યાત્રામાં સહભાગી અમારા વર્તમાન તથા ભુતપૂર્વ કર્મચારીગણ, કલાયન્ટસ તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિઆ તથા સ્નેહીઓ અને મિત્રોના ઉષ્માભર્યા સહકાર બદલ આ તકે અમો ગિરધરભાઇ ઘાડીયા હાલ (USA) તથા ગિરીશભાઇ ત્રિવેદી સૌના અંતઃકરણપૂર્વક આભારી છીએ.

INS (Indian Newspaper Society)- New Delhi
દ્વારા પ્રમાણિત એડ એજન્સી

WE SELL IDEAS
Drishty COMMUNICATIONS PVT. LTD.
drishtyrajkot@gmail.com
www.drishtyindia.com
Mob. : 98250 74392


# નાવિકે ચતુરાઈથી શ્રી રામના પાદ પ્રક્ષાલન કર્યા



સામાન્ય રીતે આપણા માનસમાં એવી મનોગ્રંથિ હોય છે કે, ફકત વિદ્વાન, શિક્ષિત કે સાક્ષર વ્યક્તિઓ જ હોંશિયાર, દક્ષ, ચતુર અને ચાલાક હોય છે, જ્યારે અજ્ઞાની, નિરક્ષર કે અભણ વ્યક્તિઓ ડફોળ, મૂર્ખ કે ગમાર હોય છે. હકીકતમાં આ માન્યતા કે મનોગ્રંથિ વાસ્તવમાં સત્યથી વેગળી અને ભૂલભરેલી છે. ક્યારે પણ કોઈ વ્યક્તિને અંડર એસ્ટિમેટ (નજર અંદાજ)ન સમજવો જોઈએ. માણસની પરીક્ષા એનાં ગુણો થકી થતી હોય છે નહીં કે એનાં શિક્ષણ થકી. ઘણાં વ્યક્તિઓ વિદ્વાન અને સુશિક્ષિત હોય છે, છતાં પણ, અધમ અને નઠારાં કૃત્યો કરતાં હોય છે, જ્યારે ઓછું ભણેલ તથા નિરક્ષર વ્યક્તિઓ ઉત્તમ, ઉમદા તથા સમાજને બોધપાઠ મળે એવાં કામો કરી બતાવે છે. માટે કોઈ વ્યક્તિનાં જ્ઞાનને એનાં શિક્ષણ સાથે જોડવું એ બરોબર કે વ્યાજબી નથી. મંઈ એવાં દાખલા જોયેલાં છે કે અભણ કે નિરક્ષર વ્યક્તિઓની સૂઝબૂઝ સાક્ષર વ્યક્તિઓ કરતાં વધારે ઊંચી હોય છે અને વખત આવ્યે તેઓ ભલભલાં સુશિક્ષિતોને પણ સાણસામાં લઈને છક્કડ ખવરાવી દે છે.

રામાયણમાં આનું એક અનુભવસિદ્ધ ઉદાહરણ શ્રી વાલ્મીકિ મુનિએ તથા શ્રી તુલસીદાસજીએ સાબિત કરીને બતાવેલ છે. ભગવાન શ્રી રામ પોતાના પિતાશ્રી દશરથ રાજાનું વચન પાળવા માટે ૧૪ વર્ષનાં વનવાસ માટે વનપ્રસ્થાન કરીને દરરોજ એક ગામથી બીજે ગામ ગમન કરતાં રહે છે. શ્રી રામની સાથે માતા સીતા તથા ભાઈ લક્ષ્મણ પણ જોડાયા હોય છે. એક વખત વહેલી સવારે ત્રણેયને સામે ગામ જવાનું થાય છે, પરંતુ સામે ગામ જવા માટે ફરજિયાત હોડીમાં બેસીને ગંગા નદી પાર કરીને જવું પડે એમ હતું .શ્રી રામે આજુબાજુ નજર દોડાવી તો એમને નદી કાંઠે ફક્ત એક જ હોડી નજર આવી અને પ્રભુએ નાવિકને ગંગા પાર લઈ જવા માટે વિનંતી કરી કે, હે નાવિક તું અમને ત્રણેય વ્યક્તિઓને હોડીમાં બેસાડીને ગંગાના સામે કાંઠે ઉતારી દે, તારી હોડીની જે ઉતરાઈ (ભાડૂ) થતી હશે તે તને હું ચૂકવી દઈશ. આ નાવિકે ભગવાન શ્રી રામચંદ્રના ચરિત્ર વિશે તથા વનપ્રસ્થાન અંગે ઘણી વાતો સાંભળી હતી. આ નાવિક અભણ જરૂર હતો, પરંતુ બહું અનુભવી, ચબરાક, ચતુર અને શાણો હતો. નાવિકે પલભરમાં જ વિચારી લીધું કે ધન્યભાગ્ય મારાં કે આજે સાક્ષાત પ્રભુ શ્રી રામે સામે ચાલીને મારી હોડીમાં બેસવાની તૈયારી બતાવી છે, મારૂં તો જીવન ધન્ય બની ગયું. નાવિકે વિચાર્યુ કે જો હું શ્રી રામનાં ચરણ પખાળવાનો મોકો ગુમાવીશ તો ફરીથી આવો મોકો નહીં મળે અને મારૂં જીવતર એળે જશે. પાછું એમ પણ વિચાર્યું કે જો હું શ્રી રામને સીધેસીધું પૂછીશ કે પ્રભુ મને આપનાં ચરણ પખાળવાની અનુમતિ આપો, પછીથી જ, હું તમોને મારી નાવમાં બેસાડી. હવે જો પ્રભુ શ્રી રામ એમ કરવાની અનુમતિ ન આપે તો મને એમનાં પાદ પ્રક્ષાલન કરવાની જે અમૂલ્ય પ્રતિભાવ તક સાંપડી છે એ ગુમાવવાનો વખત આવશે.

આ નાવિક અભણ હતો, પરંતુ એની સૂઝબૂઝ બહું ઊંચી હતી, એટલે એણે બે હાથ જોડીને પ્રાર્થના પૂર્વક પ્રભુ શ્રી રામને કાકલૂદી કરતાં જણાવ્યું કે, હે! પ્રભુ મેં ક્યાંકથી સાંભળ્યું છે કે, આપની ચરણ રજમાં ગજબનો જાદૂ છે. આપનાં ચરણ રજના સ્પર્શ માત્રથી શિલામાંથી સ્ત્રી બની જાય છે, માટે પ્રભુ, મારા મનની શંકાનું સમાધાન કરવા માટે,મને આપનાં ચરણ ધોવાની અનુમતિ આપો, પછી આપનાં ચરણો પખાળીને મને ખાતરી થાય પછીથી, હું આપને મારી નાવડીમાં બેસાડીશ. જો હૂં આપનાં ચરણો પખાળ્યા વિના આપને મારી નૌકામાં બેસાડું અને આપની કામણગારી ચરણરજથી મારી હોડી સ્ત્રીમાં પરિવર્તિત થાય તો મુજ ગરીબની આજીવિકા જતી રહે, વળી મારે એક પત્ની તથા બાળકોનું ભરણપોષણ કરવાનાં સાંસા પડે છે એમાં એક બીજી સ્ત્રીનો ઉમેરો થાય તો, હું બેઉ સ્ત્રીઓને કઈ રીતે પાલવી શકું? અને બન્ને સ્ત્રીઓ સ્ત્રી સહજ ઈર્ષ્યાથી પીડાઈને લડી મરે તો મારે કોનો પક્ષ લેવો?, પ્રભુ મારી તો જિંદગી બરબાદ થઈ જાય માટે મારી શંકાઓનું સમાધાન કરવાને વાસ્તે, મને આપનાં પાવન ચરણ પ્રક્ષાલન કરવાની અનુમતિ આપો, કારણ કે, મારી તો મતિ મારી ગઈ છે. માતા જાનકી પોતાની સિકસ્થ સેન્સથી નાવિકની ચતુરાઈ પામી ગયાં અને મર્માળુ સ્મિત કરીને શ્રી રામને જણાવ્યું કે, આર્યપુત્ર, નાહક સમય બરબાદ કરવો પોષાય એમ નથી અને આપણે સામે ગામ જવા હોડીમાં બેસ્યા સિવાય છૂટકો નથી અને આ ચતુર નાવિક આપના પાદ પ્રક્ષાલન કર્યા વગર આપણને નાવડીમાં બેસાડી ગંગા નદી પાર કરાવશે નહીં. ત્યાર પછી પ્રભુ શ્રી રામે નાવિકને પોતાનાં ચરણ પખાળવાની અનુમતિ આપી અને નાવિકે ગંગાજીના પાવન જળ વડે કાષ્ઠની કાથરોટમાં ભગવાન શ્રી રામનાં ચરણ ધોયાં અને પગ ધોયેલાં જળનું ચરણામૃત લીધું. આમ એક અભણ નાવિકે પોતાની સૂઝબૂઝ અને બુદ્ધિ ચાતુર્યથી ભગવાન શ્રી રામનાં પાદ પ્રક્ષાલન કરી ધન્ય બન્યો અને પાપ મુક્ત થયો.

- યોગેશભાઈ આર.જોશી (હાલોલ)

# ખંભાળિયામાં રામનવમી નિમિત્તે આવતીકાલે વિવિધ દર્શન તથા મહા આરતીનું આયોજન



જામ ખંભાળિયા, તા. ૧૬

આગામી બુધવાર તારીખ ૧૭ના રોજ રામનવમીના પાવન પર્વે ખંભાળિયામાં નગર ગેઈટ પાસે આવેલા શ્રી રામ મંદિર ખાતે અહીંના શ્રી સમસ્ત સતવારા સમાજ દ્વારા અયોધ્યા રામ મંદિરની ઝાંખી તેમજ અયોધ્યાના મંદિરમાં રામલલ્લાની જે મૂર્તિ બિરાજમાન છે, તે જ પ્રકારની મૂર્તિના ભવ્ય દર્શન તથા મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તો આ પ્રસંગે સવારે ૭ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી દર્શન તેમજ મહાઆરતીનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને અપીલ કરવામાં આવી છે.

(ફોટોઃ કુંજન રાડિયા)

